eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 86
January 19, 2007

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૮–૧–'૦૭ થી તા. ૧૯–૧–'૦૭ સુધી આયોજીત શિયાળુ રમતોત્સવ



સુરત મહાનગરપાલિકા ધ્વારા સૌ પ્રથમવાર શિયાળુ રમતોત્સવ તા. ૧૮–૧–૨૦૦૭ના રોજ ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ, રાંદેર, સુરત ખાતે એથ્લેટીકસ રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હોય ખાનગી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તેમજ સુમન સેલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા, વિરોધપક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, પાણી સમિતિના અધ્યક્ષ રમેશભાઈ પટેલ, ગાર્ડન સમિતિના અધ્યક્ષ રેણુકાબેન શાહ, માજી મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણ, સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાળા, મ્યુ. સભ્ય શ્રીમતિ મંજુબેન સાવલીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યશ્રી રાજેશભાઈ બોડીવાલા જેવા મહાનુભાવોએ દીપ પ્રાગટાવી સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો અને સમગ્ર સ્પર્ધામાં હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડી જુદી જુદી રમતોમાં વિજેતા થયેલ ૬૦ જેટલા ૧ થી ૩ ક્રમના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત શહેર તથા સુડા વિસ્તારમાં ઈન્ટીગ્રેટેડ પબ્લિક ટ્રાન્ઝીટ સિસ્ટમ માટેનો ઘનિષ્ઠ અભ્યાસ

સુરત શહેર તથા સુડા વિસ્તારમાં ઈન્ટીગ્રેટેડ પબ્લિક ટ્રાન્ઝીટ સિસ્ટમ માટેનો એક ઘનિષ્ઠ અભ્યાસ રાજય સરકારશ્રીનાં સહયોગથી કરાવવામાં આવ્યો છે. આ અંગે કરવામાં આવેલ ઘનિષ્ઠ અભ્યાસનાં વચગાળાનાં તારણો પ્રાપ્ત થયા છે અને તે અંગે સમાજનાં વિવિધ વર્ગોનો અભિપ્રાય/સૂચનો મેળવવા માન. મેયરશ્રીનાં અધ્યક્ષસ્થાને સ્ટેક હોલ્ડર તથા કન્ઝયુમર ગૃપની એક મિટીંગ કરવામાં આવેલ. જેમાં શહેરનાં વિવિધ વર્ગોના પ્રતિનિધિઓ જેમ કે, સુરત મહાનગરપાલિકા, પોલિસ વિભાગ, મહિલા મંડળો, ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, ઈન્સ્ટીટયુશન ઓફ એન્જીનીયર્સ, આર્કિટેકટ અસોસિએશન, ઈજનેરી કોલેજોનાં વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરો વિગેરે હાજર રહેલ.



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૮–૧–'૦૭ થી તા. ૧૯–૧–'૦૭ સુધી આયોજીત શિયાળુ રમતોત્સવ

સુરત મહાનગરપાલિકા ધ્વારા સૌ પ્રથમવાર શિયાળુ રમતોત્સવ તા. ૧૮–૧–૨૦૦૭ના રોજ ભાણકી સ્ટેડીયમ, મોરાભાગળ, રાંદેર, સુરત ખાતે એથ્લેટીકસ રમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હોય ખાનગી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તેમજ સુમન સેલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા, વિરોધપક્ષના નેતાશ્રી બાબુભાઈ કાપડીયા, પાણી સમિતિના અધ્યક્ષ રમેશભાઈ પટેલ, ગાર્ડન સમિતિના અધ્યક્ષ રેણુકાબેન શાહ, માજી મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણ, સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષશ્રી દિપકભાઈ આફ્રિકાવાળા, મ્યુ. સભ્ય શ્રીમતિ મંજુબેન સાવલીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યશ્રી રાજેશભાઈ બોડીવાલા જેવા મહાનુભાવોએ દીપ પ્રાગટાવી સ્પર્ધાનો શુભારંભ કરાવ્યો હતો અને સમગ્ર સ્પર્ધામાં હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડી જુદી જુદી રમતોમાં વિજેતા થયેલ ૬૦ જેટલા ૧ થી ૩ ક્રમના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.





સ્પર્ધાના નિર્ણાયકો તરીકે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તેમવ સુમન શાળાના વ્યાયામ શિક્ષકોએ સુંદર સેવા આપી હતી. આ સ્પર્ધામાં ૩૭૫ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. એથ્લેટીક રમત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિ ભેટ તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.



તા. ૧૯–૧–૨૦૦૭ના રોજ શાળા ક્રમાંક ૮, ૯ ના મેદાનમાં, મજુરાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ જેમાં ૫૦ જેટલી જુદી જુદી ખાનગી સ્કુલો તથા સુમન શાળાની સ્કુલોએ ભાગ લીધો હતો. ઉપરોકત રમતોત્સવમાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ છાયાબેન ભૂવા, વીર નર્મદ દ. ગુ. યુનિ. ના કુલપતિ ડો. રમેશભાઈ કોઠારી, ઉપકુલપતિશ્રી જયેશભાઈ દેશકર, ગાર્ડન સમિતિના અધ્યક્ષા શ્રીમતિ રેણુકાબેન શાહ, સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષી દિપકભાઈ આફ્રિકાવાળા તથા વિવિધ સમિતિના ચેરમેનશ્રી તથા મ્યુ. સભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી મેદાની રમતોનો શુભારંભ કરાવ્યો હતો અને સમગ્ર સ્પર્ધામાં હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડી જુદી જુદી મેદાની રમતોમાં વિજેતા થયેલ ૧૫ જેટલી ૧ થી ૩ ક્રમમાં વિજેતા થયેલ શાળાઓને ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત વીર નર્મદ દ. ગુ. યુનિ. ના કુલપતિ તથા ઉપકુલપતિશ્રીનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે સુમન શાળા તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વ્યાયામ શિક્ષકોએ સુંદર સેવા આપી હતી. આ સ્પર્ધામાં ૬૧૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. મેદાની રમત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિ ભેટ તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

TOP

# સુરત શહેર તથા સુડા વિસ્તારમાં ઈન્ટીગ્રેટેડ પબ્લિક ટ્રાન્ઝીટ સિસ્ટમ માટેનો ઘનિષ્ઠ અભ્યાસ

સુરત શહેર તથા સુડા વિસ્તારમાં ઈન્ટીગ્રેટેડ પબ્લિક ટ્રાન્ઝીટ સિસ્ટમ માટેનો એક ઘનિષ્ઠ અભ્યાસ રાજય સરકારશ્રીનાં સહયોગથી કરાવવામાં આવ્યો છે.

આ અંગે કરવામાં આવેલ ઘનિષ્ઠ અભ્યાસનાં વચગાળાનાં તારણો પ્રાપ્ત થયા છે અને તે અંગે સમાજનાં વિવિધ વર્ગોનો અભિપ્રાય/સૂચનો મેળવવા માન. મેયરશ્રીનાં અધ્યક્ષસ્થાને સ્ટેક હોલ્ડર તથા કન્ઝયુમર ગ્રુપની એક મિટીંગ કરવામાં આવેલ. જેમાં શહેરનાં વિવિધ વર્ગોના પ્રતિનિધિઓ જેમ કે, સુરત મહાનગરપાલિકા, પોલિસ વિભાગ, મહિલા મંડળો, ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, ઈન્સ્ટીટયુશન ઓફ એન્જીનીયર્સ, આર્કિટેકટ અસોસિએશન, ઈજનેરી કોલેજોનાં વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરો વિગેરે હાજર રહેલ. તદઉપરાંત મ્યુનિ. કમિશ્નર શ્રી પંકજ જોષી, એડી. કમિશ્નર ઓફ પોલિસ શ્રી વિકાસ સહાય, આર.ટી.ઓ. શ્રી રાજેશ દેસાઈ, સુડા, રાજય પરિવહન નિગમ, ગુજરાત ગેસ કું લિ. તથા ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડનાં અધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહયાં હતા.

આ મીટીંગમાં સર્વે કરનાર કન્સલ્ટન્ટ કન્સલ્ટીંગ એન્જીનીયરીંગ સર્વિસીસ (ઈ) પ્રા. લિ. તરફથી કરવામાં આવેલ પ્રેઝન્ટેશનમાં ખૂબ જ રસપ્રદ ડેરા રજુ કર્યો હતો.

આ પ્રેઝન્ટેશન બાદ ઉપસ્થિત શ્રોતાગણ તરફથી ખૂબ જ અગત્યનાં સૂચનો કરવામાં આવ્યા હતા.



મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, એડી. કમિશ્નર ઓફ પોલિસ શ્રી વિકાસ સહાય, આર.ટી.ઓ. શ્રી રાજેષ દેસાઈ, સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીનાં પ્રોફેસર્સ, આર્કિટેકટ એસોસીએશન તેમજ ઈન્સ્ટીટયુટ ઓફ એન્જીનીયર્સ વિગેરે તરફથી ખૂબ જ અગત્યનાં સૂચનો કરવામાં આવ્યા હતા. જેમ કે, IPTS નું કેન્દ્ર સુરત રેલ્વે સ્ટેશન ન રાખી કોઈ અન્ય બે ત્રણ કેન્દ્રનો પણ સમાવેશ થવો જોઈએ, સીટી લિમીટનો વ્યાપ વધેલ હોય તેવા સંજોગોમાં જ કોરીડોર આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે તે ઉપરાંતના બીજા કોરીડોર સૂચવવા જોઈએ, કુદરતી વોટર વે (તાપી નદી) નો પણ એક કોરીડોર તરીકે વિચાર થવો જોઈએ, લેન્ડયુઝ પેટર્નને આધારે કોરીડોર નકકી ન કરતાં કોરીડોર વિકસાવીએ લેન્ડયુઝ પેટર્ન ઈન્ટ્રોડયુસ કરવી જોઈએ, ટાઉન પ્લાનીંગના દ્રષ્ટિકોણથી પણ અત્યારથી જ IPTS નો વિચાર થવો જોઈએ.

આ તમામ સૂચનો તથા સર્વેનાં તારણોને સાંકળીને સુરત શહેરની ઈન્ટીગ્રેટેડ પબ્લિક ટ્રાન્ઝીટ સિસ્ટમ યોજનાને આખરી સ્વરૂપ આપી કન્સલ્ટન્ટ પોતાનો આખરી અહેવાલ હવે તૈયાર કરશે.

TOP